# મોદીને વારાણસીમાં રેલી માટે મંજુરી ન અપાઈ

વારાણસી,તા. ૭

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો વારાણસીમાં રેલી અને ગંગાની આરતીની મંજુરી ન અપાતા ભારે હોબાળો મચી ગયો છે. વારાણસી વહીવટીતંત્રએ આ નિર્ણય કર્યા બાદ ભાજપના કાર્યકરો અને નેતાઓમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ નરેન્દ્ર મોદીને ચૂંટણીમાં આના કારણે નુકસાન થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. મળેલા અહેવાલ મુજબ નરેન્દ્ર મોદીની ગંગા આરતીમાં ભાગ લેવા માટે પરવાનગી આપવામાં આવી નથી. વારાણસીમાં મોદી આવતીકાલે ગુરુવારના દિવસે રેલી કરનાર હતા. જે જગ્યા પર રેલીની મંજુરી માંગવામાં આવી હતી તે જગ્યા ખાલી નથી તેવી દલીલ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા મુજબ જે બેનિયાબાગ ગ્રાઉન્ડ ઉપર ભાજપ દ્વારા રેલીની મંજુરી માંગવામાં આવી હતી તેના ઉપર કોઈ મિસ્ટર ખાને પહેલાથી જ બુકિંગ કરાવેલું છે જેથી ત્યાં રેલીની મંજુરી આપી શકાય નહીં. સાથે સાથે જિલ્લા વહીવટીતંત્રએ સુરક્ષા કારણોને પણ રેલી માટે મંજુરી નહીં આપવા માટે આપવામાં આવી છે. આ નિર્ણય ઉપર ભાજપે વાંધો ઉઠાવીને સમાજવાદી પાર્ટીની સરકારનું કાવતરું હોવાનું જાણવા મળ્યું છે. વારાણસીમાં ૧૨મી મેના દિવસે મતદાન યોજાનાર છે. મોદીને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રેલીની મંજુરી આપવામાં આવી નથી. મોદી ગુરુવારના દિવસો બે રેલી વારાણસીમાં કરનાર હતા. વહીવટીતંત્રએ દાવો કર્યો છે કે, મોદીને ગંગા આરતી માટેની પરવાનગી અપાઈ નથી કારણ કે,



ચૂંટણીના હેતુસર ગંગા ઘાટનો ઉપયોગ કરવા રાજકારણીઓ અથવા મિડિયાને અહીં તક આપવામાં આવી રહી નથી. રાજકારણીઓ અને મિડિયા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો છે. ૧૨મી મેના દિવસે યોજાનાર ચૂંટણીને લઈને જોરદાર રાજકીય ગરમી છે. ભાજપના નેતા અરુણ જેટલીએ આક્ષેપ કર્યો છે કે, વારાણસી લોકસભા ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહેલા જિલ્લા મેજિસ્ટ્રેટ આ રેલી માટે સુરક્ષા મંજુરી આપવાનો ઈન્કાર કરીને ખોટુ કામ કરી રહ્યા છે. રેલીનો કોઈપણ ઉમેદવારો અધિકારી રહેલો છે. ભાજપે કહ્યું છે કે, મુખ્ય ચૂંટણી કમિશન સંપતને પત્ર લખવામાં આવ્યો છે અને સ્થાનિક ચૂંટણી અધિકારી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. સાથે સાથે આ અધિકારીને દૂર કરવાની માંગ કરવામાં આવી છે. મોદી બે જગ્યાઓ ઉપર ગુરુવારના દિવસે રેલી કરનાર હતા જેમાં રોહનિયા અને બેનિયાબાગનો સમાવેશ થાય છે. આ બંને વિસ્તારમાં મુસ્લિમ સમુદાયની સંખ્યા વધારે છે. બિનભાજપ પક્ષો દ્વારા મુસ્લિમોને પ્રભાવિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જો કે મોદી કહી ચુક્યા છે કે જ્યારે તેઓ વારાણસી આવશે ત્યારે મુસ્લિમો તેમને પસંદ કરશે. બેનિયાબાગ ખાતેની રેલીને મંજુરી આપવામાં આવી નથી. કારણ કે અહીં ખુબ મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ શકે છે. રેલી યોજવાની બાબત યોગ્ય રહેશે નહીં. સાથે સાથે સુરક્ષાના કારણોસર આવા વિસ્તારમાં રેલીને મંજુરી ન આપવા માટે સામાન્ય લોકો તરફથી પણ વિનંતી કરાઈ હતી. બેનિયાબાગ વિસ્તારમાં રેલી માટે ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી.

# નીચ રાજનીતિની ટિપ્પણી બદલ પ્રિયંકા સામે બે કેસ

પટણા, તા. ૬

બિહાર ભાજપના બે નેતાઓએ આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર



મોદી સામે નીચ રાજનીતિ અથવા તો હળવા સ્તરના રાજકારણના આક્ષેપ બદલ પ્રિયંકા ગાંધી સામે જુદા જુદા કેસ દાખલ કર્યા હતા. રાજ્ય ભાજપના જનરલ સેક્રેટરી એસ મહેતાએ પટણા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રમાકાંત યાદવની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, પ્રિયંકાના સૂચનોથી જૂથવાદને પ્રોત્સાહન મળશે અને દુશ્મનાવટ વધશે. આનાથી શાંતિ ભંગ થશે. કોર્ટના સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ આ મામલા ઉપર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, પ્રિયંકાએ મોદીનું અપમાન કર્યું હતું. કારણ કે તેઓ પછાત જાતિના છે. કોંગ્રેસ દ્વારા આ પ્રકારના આક્ષેપોને રદિયો આપવામાં આવ્યો હતો. જો કે, ભાજપે આ મુદ્દો ઉઠાવી લેવાનો નિર્ણય કર્યો છે. આ કેસ જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપે તે રીતે કલમ ૧૫૩એ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ આ કેસ કરાયો છે જેમાં કલમ ૧૫૩(બી), ૧૭૧(જી), ૫૦૦, (બદનક્ષી) ૫૦૪ (શાંતિના ભંગ કરવાના હેતુસર અપમાન કરવાની બાબત)નો સમાવેશ થાય છે. દરભંગા કોર્ટમાં પ્રિયંકા સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. રાજ્ય ભાજપ ફિશરમેન કોમ્યુનિટી સેલના વડા અર્જુન સાહનીએ દરભંગા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ કેસ દાખલ કર્યો છે. પ્રિયંકા સામે સકંજો મજબૂત કરવાના હેતુસર ભાજપે તૈયારી કરી છે. લોકસભાની ચૂંટણી પૂર્ણ થવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભાજપે પ્રિયંકાને મુશ્કેલીમાં મુકવાની તૈયારી કરી છે.

# હિટ એન્ડ રન : સાક્ષીને ૫ લાખ લાંચની ઓફર

મુંબઈ,તા. ૭

બોલીવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનની મુશ્કેલીઓ હળવી થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. તમામ તરફથી સલમાનને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સાક્ષીઓએ દાવો કર્યો છે કે, તેમને મોતની ધમકી મળી રહી છે. હવે એવી નવી ફરિયાદ પણ કરવામાં આવી છે કે, તેમને પાંચ લાખ રૂપિયાની લાંચની ઓફર કરવામાં આવી છે.



સલમાનને આવરી લેતા ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં ચાવીરુપ સાક્ષીઓ પૈકીના એકનું કહેવું છે કે, તેને આ કેસથી દૂર રહેવા માટે પાંચ લાખ રૂપિયાની લાંચની ઓફર કરવામાં આવી હતી. ત્રણ ધમકી ભરેલા કોલ પણ મળ્યા હતા. પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, સાક્ષી મુસ્લિમ શેખને રવિવારે રાત્રે બે ફોન કોલ આવ્યા હતા જેમાં વણઓળખાયેલી વ્યક્તિ પાંચ લાખ રૂપિયા સ્વીકારી લઈને આ કેસથી દૂર રહેવા કહેવામાં આવ્યું હતું. આ બનાવ સપાટી ઉપર આવ્યા બાદ કોર્ટે તપાસ કરવા અને ૧૯મી મે પહેલા અહેવાલ આપી દેવા પોલીસને આદેશ કર્યો છે. પોલીસ અધિકારીએ વધુ માહિતી ઉપલબ્ધ કરાવી નથી પરંતુ હિટ એન્ડ રન કેસમાં સલમાન સામે સકંજો મજબૂત બની ગયો છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાન ખાને ગાડીની ટક્કર મારીને બેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ બનાવ બન્યા બાદ સલમાન ડ્રાઈવિંગ સીટથી ઉતરીને ભાગી ગયો હતો. સલમાનના વકીલે કહ્યું છે કે, સાક્ષીઓને પોલીસ દ્વારા ત્રાસ અપાયો હતો. સલમાન દારુના નશામાં હતો તેવી વાત પણ સપાટી ઉપર આવી ચુકી છે.

## નિફ્ટી ૬૩ પોઈન્ટ ઘટી ૬૬૬૩ની સપાટીએ

# સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ ઘટીને ૨૨૩૨૪ની સપાટીએ રહ્યો

## શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ યથાવત જારી : વિદેશી મૂડીરોકાણકારોમાં ભારતીય બજારને લઇને હજુય આશા

મુંબઈ, તા. ૭

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૧૮૪ પોઇન્ટ ઘટીને ૨૨૩૨૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૬૩ પોઇન્ટ ઘટીને ૬૬૬૩ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં ઘટાડો થવા માટે અનેક કારણો જવાબદાર રહ્યા હતા. બ્લુચીપના શેરમાં ભારે ઉથલપાથલ રહી હતી. ઇન્ફોસીસ, ટીસીએસ, વિપ્રો અને હિન્ડાલ્કોમાં મોટો કડાકો બોલી ગયો હતો. જો કે, એસબીઆઇ, સન ફાર્મા, એનટીપીસી, બીપીસીએલમાં સુધારો જોવા મળ્યો હતો. મંગળવારના દિવસે વિદેશી મૂડીરોકાણકારોએ ૪૫.૯૩ કરોડની કિંમતના શેરની ખરીદી કરી હતી. દરમિયાનમાં એશિયન બજારમાં મોટો કડાકો બોલી ગયો હતો. આના માટે જુદા જુદા પરિબળો જવાબદાર રહ્યા છે. વૈશ્વિક બજારોમાં ઘટનાક્રમ પણ જવાબદાર રહ્યા છે. માર્કેટ બ્રીથ આજે નકારાત્મક રહી હતી. ૧૨૩૪ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૪૯૩ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં ઉથલપાથલનો આ દોર હજુ જારી રહે તેવી શક્યતા છે. કારણ કે, ચૂંટણીના પરિણામની રાહ જોવામાં આવી રહી છે. કારોબારીઓ હાલમાં કોઇ વધારે રોકાણ કરવા ઇચ્છુક નથી. ઘરઆંગણે કારોબારી સાવધાન થયેલા છે. ઇન્ફોસીસ અને ટીસીએસના શેરમાં ૧-૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. જ્યારે એચસીએલ ટેકમાં ૪.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મહિન્દ્રમાં ૩.૬ ટકા અને વિપ્રોમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ઉદાસીન કારોબાર ઉપર ગઇકાલે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૬૩ પોઇન્ટ સુધરીને ૨૨૫૦૮ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬ પોઇન્ટ સુધરીને ૬૭૧૫ની સપાટીએ રહ્યો હતો. જો કે, આજે શેરબજારમાં ફરી એકવાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલના પરિણામ જાહેર થયા પછી શેરબજારમાં ઉથલપાથલનો દોર શરૂ થશે. ૧૬મી મે સુધી શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ રહેશે. શેરબજારમાં આગામી દિવસોમાં કારોબારી સાવધાનીપૂર્વકનું વલણ અપનાવે તેવી શક્યતા છે. હાલમાં કારોબારીઓ કોઇ મોટા જોખમ લેવા ઇચ્છુક નથી.

# મોદીની સીટ વારાણસીમાં ૨૦,૦૦૦ જવાનો તેનાત

નવી દિલ્હી,તા. ૭

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી જે બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે તે વારાણસીમાં ૨૦,૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવનાર છે. વારાણસીમાં ૧૨મીના દિવસે મતદાન યોજાનાર છે. વારાણસીમાં હાઈ પ્રોફાઈલ સ્પર્ધા જોવામાં આવે છે. અહીં મોદીની સામે કેજરીવાલ મેદાનમાં છે. ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું છે કે કોંગ્રેસના ઉમેદવાર અજય રાય પણ અહીં મેદાનમાં છે. આની બિલકુલ વિરુદ્ધમાં નક્સલવાદીગ્રસ્ત બસ્તર મતવિસ્તારમાં ૧૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાયું હતુ. એ વખતે ત્યાં ૨૫૦૦૦થી વધારે અર્ધલશ્કરી જવાનો તેનાત કરાયા ન હતા. ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું છે કે સુરક્ષા અધિકારીઓની સાથે સાથે અહીં તમામ જગ્યાએ જવાનો રહેશે. દરેક પોલિંગ લોકેશન પર કેન્દ્રિય દળ પણ તૈનાત રહેશે. ડેપ્યુટી ઈલેક્શન કમીશનર વિનોદ ઝુત્સીએ કહ્યું હતું કે વારાણસીમાં સુરક્ષા સૌથી વધારે રહેશે. મોટી સંખ્યામાં જવાનો પહેલા જ પહોંચી ચુક્યા છે. અને તેનાત કરવામાં આવ્યા છે. મોદીની સુરક્ષાને લઈને હમેંશા ચિંતા રહે છે. કારણ કે તેમને ટાર્ગેટ બનાવવા માટેની ચેતવણી ત્રાસવાદીઓ વારંવાર આપતા રહ્યા છે.ઉત્તરપ્રદેશમાં પાંચમા તબક્કામાં મતદાન થયા બાદ અહીં સુરક્ષા સતત વધારી દેવામાં આવી છે. ૧૨મી મેના દિવસે દરેક મતદાન મથક પર વિડિયોગ્રાફી કરવામાં આવનાર છે. ગેરરિતીની અગાઉ વ્યાપક ફરિયાદ થઈ હતી. જેથી આ વખતે ખાસ સુરક્ષા રાખવામાં આવનાર છે. સુરક્ષા જવાનો ઉપરાંત ખાનગી સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા વિડિયો ગ્રાફી ઉપરાંત સીસીટીવી કવરેજ, વેબકાસ્ટિંગ જેવા પગલા પણ લેવાયા છે. મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા ગોઠવવામાં આવેલી સુરક્ષા ઉપરાંત અન્ય વ્યવસ્થા પણ કરાશે

# *આસામ હિંસામાં મોતનો આંકડો વધીને ૪૧ થયો*

ગુવાહાટી, તા.૭

આસામના હિંસાગ્રસ્ત બે જિલ્લાઓમાંથી મૃતદેહ મળવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે વધુ પાંચ મૃતદેહ મળી આવ્યા હતા. આની સાથે જ મોતનો આંકડો વધીને ૪૧ ઉપર પહોંચી ગયો હતો. બક્સા જિલ્લામાંથી પસાર થતી બેકી નદીના પ્રવાહમાંથી વધુ પાંચના મૃતદેહ મળી આવ્યા હતા. આ પાંચેય લોકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી પરંતુ પરિવારના સભ્યોએ તેમને ઓળખી કાઢવાની પ્રક્રિયા હાથ ધરી છે. બક્સાના ડીસી વિનોદ સેસાને કહ્યું છે કે, મૃતદેહોની ઓળખ હજુ પુરી થઈ નથી પરંતુ ટૂંકમાં ઓળખી લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એનડીએફબીના બળવાખોરોએ બીજી મેના દિવસથી ભારે આતંક મચાવ્યો હતો. બીજી બાજુ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કરફયુમાં પણ રાહત આપવાનો તબક્કો ચાલી રહ્યો છે.

# ફેડરરના પત્નિ મિરકાએ ફરી જોડકા બાળકોને જન્મ આપ્યો

મેડ્રિડ, તા.૭

મહાન ટેનિસ ખેલાડી રોજર ફેડરરના પત્નિ મિરકાએ જોડકા બાળકોને જન્મ આપ્યો છે. રોજર ફેડરરના પત્નિએ બીજી વખતે જોડકા બાળકોને જન્મ આપ્યો છે. મેડ્રિડ માસ્ટર્સમાંથી તે ખસી રહ્યો છે તેવી જાહેરાત કર્યાના કલાકો બાદ જ પોતાના ટ્વિટર એકાઉન્ટ ઉપર આ



સ્વિસ ટેનિસ સ્ટારે માહિતી આપી હતી. રોજર ફેડરરે કહ્યું હતું કે, મિરકાએ જોડકા બાળકોને જન્મ આપ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૦૯માં રોઝર ફેડરરના પત્નિએ જોડકી બાળકી રોઝ અને રિવાને જન્મ આપ્યો હતો. આના પાંચ વર્ષ બાદ હવે બે જોડકા પુત્રને જન્મ આપ્યો છે. તમામ લોકોમાં આને લઈને હવે ચર્ચા છે. રોઝર ફેડરરના પત્નિ જોડકા બાળકોને જન્મ આપશે કે કેમ તેને લઈને સટ્ટા રમાઈ રહ્યા છે. સટ્ટોડિયાઓ પણ સક્રિય થયેલા હતા. બીજી બાજુ રોજર ફેડરર ઉપર અભિનંદનનો વરસાદ શરૂ થઈ ગયો છે. ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત ટેનિસ ખેલાડી બોરિસ બ્રેકરે કહ્યું છે કે, તે ફેડરર અને મિરકાને શુભેચ્છા આપે છે.

ભૂતપૂર્વ અમેરિકન ટેનિસ પ્રોફેશનલ દ્વારા પણ અભિનંદન આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રોજર ફેડરર ગ્રાન્ડ સ્લેમ જીતવાનો રેકોર્ડ ધરાવે છે. તે પોતાના નામ ઉપર ૧૭ ગ્રાન્ડસ્લેમ જીતવાનો રેકોર્ડ ધરાવે છે. પોતાના જોડકા ભાઈ માઈક સાથે મળીને ૧૫ ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ જીતનાર બોબ બ્રાઈને પણ અભિનંદન આપ્યા છે. ફેડરર પરિવારને અભિનંદનનો વરસાદ જારી રહ્યો છે. ફેડરર જોડકા બાળકોના પિતા તરીકે પ્રથમ જાણિતા રમતવીર તરીકે નથી. માઈકલ જોર્ડન અને પેલે પણ જોડકા બાળકો ધરાવે છે. ફેડરરની મોટી બહેન ડાયનાને પણ જોડકા બાળકો થયા હતા. રોજર ફેડરરે હજુ સુધી બાળકોના સંદર્ભમાં કોઈ વાત કરી ન હતી. મેડ્રિડ ટેનિસ સ્પર્ધામાંથી તે હાલમાં જ પાછો ખસી ગયો હતો.આગામી વર્ષે મેડ્રિડમાં ફરી રમવાની ઈચ્છા રોજર ફેડરરે વ્યક્ત કરી છે.

## સમાચાર ઝલક

- *અધિકારીઓ સામે તપાસ માટે હવે સીબીઆઈ કે તપાસ અધિકારીએ હકુમતની મંજુરી લેવાની રહેશે નહિ. સુપ્રિમ કોર્ટનો આદેશ.*
- *અફઘાનિસ્તાનમાં મળ્યું ભગવાન બુદ્ધનું બાઉલ.*
- *ભૂતપૂર્વ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના ભાઈનું ઝેરી અસર થતાં મોત. જંતુનાશક દવા છાંટતા અસર થઈ.*
- *ભારતીય ટ્રેક્ટર બજાર માટે આગામી સમય સુવર્ણ સમય હશે.*
- *દિલ્હીમાં અંધારપટનો ખતરો! ૭૮૮ કરોડનું લેણું ન ચુકવે તો સપ્લાય બંધ કરવા સુપ્રીમનો હુકમ.*
- *રાજયમાં ૧૦૦થી વધુ ડેમના તળિયાં દેખાવા લાગ્યાં. દોઢ મહિનો કટોકટીનો.*
- *ભાવનગર મહાનગરપાલિકાએ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની રકમ વાપરી નાખી.*
- *વારાણસીમાં નેતાઓ-કાર્યકરો ઉભરાતાં બજારમાં રોનક-વેપારીઓને બખ્ખા.*
- *૩૦૦ પર્વતારોહકો એવરેસ્ટ તરફ પ્રયાણ કરશે.*
- *પંજાબના કૃષિ વૈજ્ઞાનિકે શોધ કરી કે કપડા રોગથી છુટકારો અપાવશે.*
- *પ્રમુખસ્વામી મહારાજનો રેકોર્ડ. તીર્થધામ સારંગપુર ખાતે મંદિરમાં ૧ વર્ષનું રોકાણ કર્યું.*
- *યોગ ગુરૂબાબા રામદેવનું માથું કાપનારને ૧ કરોડનું ઈનામ આપીશ. બસપાના નેતાશ્રી ભગવાનસિંહ ચૌહાણ.*
- *સુરતમાં ૧૪ બાઈક સળગાવ્યા. કાર બાદ બાઈક સળગાવાની ફરિયાદો.*

# *બિહારમાં એકંદરે ૬૦ ટકા મતદાન નહીં થાય*

નવીદિલ્હી,તા. ૭

રેકોર્ડ ઉંચા મતદાનની આશા જાગેલી છે ત્યારે હજુ પણ કેટલાક નિષ્ણાત પંડિતો માની રહ્યા છે કે, બિહાર અને જમ્મુ કાશ્મીરમાં મતદાનની ટકાવારીનો આંકડો ૬૦ ટકાથી ઓછો રહી શકે છે. બિહારમાં સરેરાશ મતદાન આ તબક્કાઓમાં આશરે ૫૬ ટકા રહ્યુંછે કે, ૨૦૦૯માં આ બેઠકોમાં જે મતદાન થયું હતું તેની સરખામણીમાં વધારે મતદાન થયું છે. ૪૪.૪ ટકા મતદાન ૨૦૦૯માં નોંધાયું હતું. જમ્મુ કાશમીરમાં જમ્મુ અને ઉધમપુર બેઠકો ઉપર મતદાનનો આંકડો વધ્યો છે પરંતુ શ્રીનગર અને અનંતનાગમાં ૨૫થી ૩૦ ટકાની રેન્જમાં મતદાન થયું છે. ઉત્તર પ્રદેશની વાત કરવામાં આવે તો હજુ સુધી ૪૭ બેઠકો ઉપર આશરે ૬૨ ટકા મતદાન થયું છે જે ગયા વખતે નોંધાયેલા ૪૯.૫ ટકાના મતદાનના આંકડા કરતા વધારે છે જેથી આ વખતે ૬૦ ટકાના આંકડાને પાર કરે તેવી શક્યતા છે.

## ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનો મત

# *ડાઈ એન્ડ મોલ્ડ ઇન્ડસ્ટ્રીનુ કદ વધી ૩૫૦૦૦ કરોડ પર જશે*

મુંબઇ,તા. ૭

ઔદ્યોગિક વિકાસની સાથે તેના આનુસાંગીક નાના અને મધ્યમ ઉદ્યોગો પણ વિકાસની કેડીએ આગળ વધી રહ્યા છે. ડાઈ અને મોલ્ડીંગ ઉદ્યોગનું હાલ ૧૭૦૦૦ કરોડનું ટર્નઓવર છે જે ૨૦૨૦ સુધીમાં ૩૫૦૦૦ કરોડ સુધી પહોંચી જશે. આ ક્ષેત્રમાં પણ નેનો ટેકનોલૉજી અને રોબોટનો ઉપયોગ થઈ રહ્યો છે. ડાઈ એન્ડ મોલ્ડ ઈન્ડસ્ટ્રી કેપીટલ ગુડ્સ માટે એક ચાવીરૂપ ઘટક છે આ ઉત્પાદનની માતા તરીકે ગણવામાં આવતી અને મુંબઈમાં ડાઈ એન્ડ મોલ્ડ ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્ઝીબિશનની નવમીં આવૃતિ,એન્જીનિયરિંગ શ્રેષ્ઠતા હાંસલ કરવા ભારત ને એક ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરવાનાં લક્ષ્ય સાથે આ એક પગલું હતું. આ ઈવેન્ટનું ઉદ્ઘાટન મુખ્ય મેહમાન તરીકે ડૉ. એપીજે અબ્દુલ કલામે કર્યુ હતું.ઉદ્ઘાટક અને મુખ્ય મહેમાન ડો. કલામે ડાઈ અને મોલ્ડ તથા ટૂલ્સ ઉદ્યોગના પાંચ મહત્વના મુદ્દાઓને ડૉ કલામે રાષ્ટ્રીય આર્થિક વિકાસ સાથે મહત્વના આધાર સ્તંભ ગણાવ્યા હતા આ ઉદ્યોગનો વિકાસ જે હાલ આ રૂા. ૧૭૦૦૦ કરોડ છે તેનાથી વધીને ૨૦૨૦ સુધી રૂા. ૩૫૦૦૦ કરોડ થવાની આશા છે. નેનો ટેક્નોલૉજી તથા રોબોટાઇઝ જેવી આધુનિક ઉત્પાદન પદ્ધતિના ઉપયોગથી ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. ''કેઈઝેન''ની વિચારધારા પ્રમાણે દુકાનના સ્થાનથી જ સતત સુધારાલક્ષી કામગીરીની સાથે ઉત્પાદનની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય માપદંડ પ્રમાણેની અને શૂન્ય કચરો નિકળે તે સિધ્ધાંત પ્રમાણે કામગીરી કરાઈ રહી છે.આંતરરાષ્ટ્રીય જરૂરીયાત પ્રમાણે આ ક્ષેત્ર આગામી ૨૦૨૦ તેની નિકાસ વધારવાનો હેતુ ધરાવે છે એમએસએમઈના વિકાસ કમિશ્નર ઑફિસના ડાયરેક્ટર (ટીઆર), શ્રી આર.કે. રાયે અને યૂનિડો-ઈન્ટરનેશન સેન્ટર ફોર એડવાન્સમેન્ટ ઓફ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલૉજીના ઓફિસર ઈન-ચાર્જ એન્ડ નેશનલ પ્રોગ્રામ ઓફિસર શ્રી દિપક બાલાણીએ ગેસ્ટ ઓફ ઓનર તરીકે 'ઈનક્લુઝીવ એન્ડ ઈનોવેટીવ લેડ ગ્રોથ'ના એક અદ્ભૂત ઉદ્ઘાટન થીમને નિહાળ્યું હતું. ટીએજીએમ લીડરશીપ ને ટીએજીએમએના સંસ્થાપક અધ્યક્ષ અને એક્ઝીક્યુટીવ મેમ્બર શ્રી એન. રેગુરાજ, ટીએજીએમએ અધ્યક્ષ એસસી કલ્યાણપુર અને ટીએજીએમએના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી પી.એન. સુરેન્દ્રનાથના કાર્યકુશળ પ્રતિનિધિત્વમાં રજુ કરવામાં આવ્યું.આશરે ૨૧૦થી વધારે પ્રદર્શકોની હાજરીમાં ભારતીય બારણે કટીંગ, ધાર ટેકનોલૉજી ઓસ્ટ્રીયા, ચેક રિપબ્લિક, ફ્રેન્ચ, જર્મની, હોંગકોંગ, ઈન્ડીયા, ઈટાલી, જાપાન, સાઉથ કોરીયા, સિંગાપોરના પ્રદર્શકો તેમની કોસ્ટ ઈફેકટીવ સાથે લેટેસ્ટ ટેકનોલૉજી ટ્રેન્ડ્સ ઓજાર, ઊર્જા કાર્યક્ષમ અને પર્યાવરણ મિત્ર સોલ્યુશન ડાઈ એન્ડ મોલ્ડ મેકર્સ માટે પ્રદર્શિત કરવામાં આવ્યુ હતું. ડાઈ એન્ડ મોલ્ડ મેકર્સમાં રોકાયેલા લોકો માટે ડિઝાઈન, મેન્યુફેક્ચરિંગ અને સ્ટેમ્પીંગ, પંચીગ, પ્રેસરીંગ ડાઈના વેચાણ, ઈન્જેક્શન અને કમ્પ્રેશન મોલ્ડ્સ, ડાય કોસ્ટીંગ ડાય, પેટર્ન અને પેટર્ન ઈક્વીપમેન્ટ, જીગ્સ અને ફિક્સર, સ્ટાન્ડર્ડ ટુલિંગ કમ્પાઉન્ડ, સીએડી/સીએએમ, રેપિડ પ્રોટોટાઈપિંગ, થ્રીડી પ્રિન્ટીંગ/એડીટીવ મેન્યુફેક્ચરિંગ, ગેજેસ, ચોક્સાઈ મશીન, સ્પેશલ મશીન અને સંબંધિત પ્રોડક્ટ્સને એક મોટા મંચ પર મુકવા આ ઈવેન્ટ મદદગાર સાબિત થઈ.ફાઉન્ડર પ્રેસીડેન્ટ અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલ મેમ્બર ઓફ ટીએજીએમએના શ્રી એન રગુરાજે તેમના પ્રવચનમાં જણાવ્યુંહતું કે આ ઉદ્યોગને તેનું પ્રદર્શન વિસ્તાર ૧૯૯૮માં ૧૦૦૦ સ્કવેર મીટરથી વધારીને ૨૦૧૪માં ૨૦૦૦ સ્કેવર મીટર પર પહોચાડયો છે.

શ્રી દિપક બલાની સંગઠનના માધ્યમથી પરવાના અને અધિકારો સાથે ઉદ્યોગને શક્તિમાન બનાવવાની વાત કરી હતી અને છેલ્લા બે દશકથી એમએસએમઈમાં જે હરિફાઈવાદ થયો છે તેને પહોંચી વળવા સાથે રહી વિકાસનું ''યુનીડો''ની જેમ વિકાસનું મહત્વ વધારવું જોઈએ ભારત જેવા વિકાસશીલ દેશોમાં માઈક્રો, સ્મોલ અને મીડીયમ સાહાસીકો રોજગારીમાં મોટો હિસ્સો ધરાવે છે અને આવકની પણ વિપુલ તકો છે. વિકાસનો હિસ્સો બહુ બહાર આવતો નથી કારણ કે મોટાભાગના સાહસીકો જુદા-જુદા કાર્ય કરે છે.